downloaded from:prashantgavaniya.blogspot.in



**ત્રણ ભાઈબંધો**

એક હતી બિલાડી. એક હતો ઉંદર ને એક હતી રાતી મરઘી. ત્રણે ભાઈબંધ. એક જ ઘરમાં રહે. એક જ ભાણે જમે ને એક સાથે રમે. બિલાડી પાણી ભરે ને ઉંદર રસોઈ કરે. રાતી મરઘી પૂંજો વાળે ને લૂગડાં ધૂએ.

એક દિવસ બિલાડી ધ્રૂજતી ધ્રૂજતી ઘરમાં આવી. ઉંદર ને મરઘી ગભરાયાં. તેઓ કહે, "શું છે બિલ્લીબહેન ? આટલાં બધાં બીઓ છો કેમ ?"

બિલાડી કહે, "અરે આજ તો માંડ માંડ બચી. પેલા ઝાડ આગળ રમતી'તી ત્યાં શિયાળ નીકળ્યું ને મારા ઉપર તરાપ મારી. જેમતેમ કરી હું તો ઝાડ ઉપર ચડી ગઈ."

"પણ એમાં હવે શીદ ધ્રૂજો છો ?" બિલાડી કહે, "વખતે અહીં આવી ચડે તો ?"

હવે તો ઉંદર ને મરઘીય ગભરાયાં. બારીબારણાં અડકાવી દઈને ત્રણે ઘરમાં બેઠાં.

પણ તે દિવસ શિયાળ ન દેખાયું. એમ કરતાં સાત દિવસ નીકળી ગયા. આઠમે દિવસે વહેલી ઊઠી રાતી મરઘી પૂંજો વાળતી'તી. બારણું ઉઘાડીને મરઘી પૂંજો નાખવા જાય છે, ત્યાં એણે આઘેથી શિયાળ દીઠું.

રાતી મરઘી તો ગભરાઈ ગઈ. હવે શું કરવું ? એ તો બૂમો પાડવા માંડી : "એ બિલ્લીબહેન, બિલ્લીબહેન, જાગજો. શિયાળ આવે છે. એ ઉંદરભાઈ જાગજો."

બિલાડી ને ઉંદર જાગ્યાં પણ ત્યાં તો શિયાળ આંગણામાં આવી પહોંચ્યું.

બિલાડી ઝડપથી કૂદતીક ને એક નાની કોઠી ઉપર ચઢી ગઈ, ઉંદરભાઈ ઝટપટ કરતાંક ને દરમાં પેસી ગયા ને રાતી મરઘી બારણા પાછળ સંતાઈ ગઈ.

downloaded from:prashantgavaniya.blogspot.in

ધક્ ધક્ કરતું શિયાળ ઘરમાં આવ્યું. એ જાણે આજ ઠીક લાગ મળ્યો છે. આજ તો ત્રણેને પકડીને આ કોથળીમાં ભરી જાઉં.

શિયાળ તો આખા ઘરમાં ફરી વળ્યું, પણ કોઈ જડયું નહીં. એ કહે, “આ હમણાં હતાં ને એટલામાં કયાં જતા રહે ?” એણે ઊંચું જોયું ત્યાં બિલાડીની પૂંછડી દેખાઈ !

શિયાળે પૂંછડી ખેંચીને બિલાડીને પકડી લીધી. દરમાંથી ઉંદરનેય પકડી લીધો; બેયને કોથળીમાં નાખી શિયાળ બારણાં પાસે આવ્યું. મરઘી જાણે કે ભોગ લાગ્યા, પણ એ બિચારી શું કરે ? શિયાળે એનેય કોથળીમાં પૂરી દીધી.

પછી શિયાળ બહાર નીકળ્યું. ખભે કોથળી નાખીને એ તો ચાલ્યું ઘર ભણી.

ચાલતાં ચાલતાં વાટમાં એક ટેકરો આવ્યો. કોથળીનો ભાર લાગ્યો’તો એટલે શિયાળ ઘડીક વિસામો લેવા સૂતું. કોથળી પાસે મૂકી.

શિયાળ ઊંઘી ગયું એટલે ધીરે રહીને બિલાડીએ કોથળીનું મોઢું પહોળું કર્યું. અંદરથી ઉંદરભાઈ બહાર નીકળ્યા.

બહાર નીકળી ઉંદરે કોથળીનું મોઢું છોડી નાખ્યું. બિલાડી ને રાતી મરઘીય બહાર નકળ્યાં.

પાસે પથરા પડયા’તા. બિલાડીએ એક યુકિત કરી. બિલાડી કહે, “આપણા જેવડો એક એક પથ્થર કોથળીમાં મૂકી દઈએ એટલે શિયાળ જાગશે તોય એને ખબર નહીં પડે.”

ત્રણે જણે એક–એક પથ્થર કોથળીમાં મૂકી દીધો. બિલાડીએ કોથળીનું મોઢું બાંધી દીધું ને ત્રણે જતાં રહ્યાં.

શિયાળ જાગ્યું ને કોથળી લઈને આગળ ચાલ્યું. એ કહે, “આજ તો ખાવાની કાંઈ મઝા પડશે !”

ઝટપટ શિયાળ ઘેર આવ્યું. ઝટઝટ એણે દેવતા સળગાવ્યો ને ચૂલે હાંલ્લી ચડાવી.

પાણી ઊનું થયું એટલે ધીરે રહીને શિયાળે કોથળીનું મોં છોડયું ને હાંલ્લી ઉપર કોથળી ઊંધી વાળી, એ જાણે કે બધાં અંદર પડશે ને રંધાઈ જશે.

પણ અંદર તો પથરા ભર્યા’તા ! ધબાધબ ત્રણેય પથ્થર હાંલ્લી ઉપર પડયા, હાંલ્લી ભાંગી ગઈ. શિયાળ ઊંચુ થઈને જોઈ રહ્યું’તું, ચૂલામાં બધું પાણી પડયું એટલે ઊની ઊની રાખ જે ઊડીને તે શિયાળના મોં ઉપર !

ઉંદર,બિલાડી ને રાતી મરઘી ઘેર પહોંચી ગયાં. ખાધું,પીધું ને નિરાંતે સૂતા. પછી કોઈ દિવસ શિયાળભાઈ એ તરફ ફરકયાય નહીં !

**– ચંદ્રશંકર ભટ્ટ**

downloaded from:prashantgavaniya.blogspot.in